શ્રી

જૈન-લગ્ન વિધિ.

તથા

જૈન વિવાહનાં ગીતો.

પ્રકાશક.

શેઠ. ચંદુલાલ કેશરીચંદ રાધનપુરવાલા.

આવૃત્તિ ૧ લી.

સંવત ૧૯૬૮ વીર સંવત ૨૪૩૮.

અમદાવાદ.

સત્યવિજય પ્રીન્ટીંગ પ્રેસમાં શા. સાંકળચંદ હરિલાલે છાપી.

મુલ્ય

સદુપયોગ.

અથ વિવાહવિધિ.

વિવાહ સંબંધ.

વર કન્યાનો વિવાહ સંબંધ નક્કી કર્યા બાબતનો લેખ લગ્નના મુહૂર્ત અગાઉ કરવો, અને તે લેખ કન્યા પક્ષના વડીલ પુરૂષે વરના વડીલ પુરૂષને, જ્ઞાતિ, સ્વજન, સંબંધી સમક્ષ કુંકુમના છાંટા નાખી ડાંગેર, સોપારી, અને દુર્વા (ધરો)થી પૂજા કરી શ્રીફળ (તથા રૂપીયો) સાથે આપવો અને તે વખતે ગોરે નીચે લખેલો મંત્ર ભણવો.

વિવાહલેખ આપવાનો વિધિ.

ॐ अर्हं । परमसौभाग्याय । परमसुखाय । परमभोगाय । परमधर्माय । परमयशसे । परमसंतानाय भोगोपभोगांतरायव्यवच्छेदाय * * नाम्नीं कन्यां । * * गोत्रां । * * नाम्ने वराय । * * गोत्राय । ददाति । प्रतिगृहाण अर्हं ॐ ।

ગોર ઉપરનો મંત્ર ભણી રહે એટલે રિવાજ પ્રમાણે પાનસોપારી વિગેરે વહેંચવાં.

ભરતેશ્વર વૃત્તિ. ૨-૮-૦

વરપક્ષવાળાએ કન્યાને દાગીના, કપડાં વગેરે મોકલવાં અને પરસ્પર જમવા તેડી શક્તિ પ્રમાણે અથવા જ્ઞાતિરિવાજ પ્રમાણે સતકાર કરવો.

લગ્નનિર્ધાર

લગ્નના થોડા દિવસ પહેલાં બંને પક્ષના સંબંધીઓએ એકઠા થઈ જોશીને બોલાવવો અને તેની પાસે લગ્ન કઢાવી નક્કી કરવું અને તેણે લખી આપેલી લગ્નપત્રિકા ઉપર કુંકુમના છાંટા નાંખી ફૂલ, પાન, સોપારી, શ્રીફળ અને પૈસો પ્રમુખ મુકી પૂજા કરવી અને જોશીનો સતકાર કરવો. (આ પ્રસંગે ગોળ વહેંચવામાં આવે છે તથા વરની પહેરામણી આપી દેવામાં આવે છે.)

*માતૃકાસ્થાપન.

લગ્ન પહેલાં બે, ચાર, પાંચ, સાત કે નવ દિવસ અગાઉ અગર લગ્નના દિવસે શુભ મુહુર્તે વર કન્યા બંનેને ત્યાં માતૃકા સ્થા-

* **માતૃકા** એટલે માતા આપણી જ્ઞાતિ અને ગોત્રોની સ્થાપના પૂર્વાચાર્યોએ કરેલી છે. તે પૂર્વાચાર્યો આચારદિનકરના કર્તાની પણ પૂર્વે થઇ ગયેલા છે. આપણી ગોત્રદેવીઓ પણ તેમણે નિર્માણ કરી આપેલી હોવી જોઇએ. તે ગોત્રદેવીજ આપણી માતા છે, અને વિવાહાદિ પ્રસંગે આપણે તેમની સ્થાપના તથા પૂજા કરીએ છીએ. આચારદિનકરમાં વર કન્યાને ત્યાં આઠ માતૃકાનું અને વરને ત્યાં સાત કુલકરનું સ્થાપન પૂજન કરવાનું લખેલું છે અને તેમના આવ્હાન વિગેરેના મંત્રો પણ આપેલાં છે. આઠ માતૃકાને પ્રા-

પન કરવું. જ્ઞાતિકુળનો રિવાજ એમાં અનુસરવાનો છે. (સવારમાં શૌભાગ્યવંતી સ્ત્રીઓ સારાં કપડાં ઘરેણાં પહેરી વાજતે ગાજતે અખીઆણું લેઇ કુંભારને ત્યાં જાય છે અને માંહ લેઇ આવે છે.) પછી પાટલા ઉપર ગોત્રજ કહાડી તેમની અષ્ટપ્રકારી પૂજા કરવામાં આવે છે. વર અથવા કન્યાને પાટલા ઉપર બેસાડી તેમની મા ચાંદલો કરી અક્ષત ચ્હોડી કુંકુમવડે હાથ પગ પીળી શ્રીફળ ને પાન સોપારી તથા રૂપીઆથી પૅાશ ભરાવે છે અને ચાર સૌભાંગ્યવતી સ્ત્રીઓ ચાંદલા કરી ચડતી પીઠી ચોળી અક્ષતવડે વધાવે છે. તે સ્ત્રીઓને સોપારી પ્રમુખથી સત્કાર કરવામાં આવે છે.

કોરા સાબલામાં જવારા વાવવાનું પણ વિધિમાં છે.

માતૃકા સ્થાપનના દિવસથી માંડીને લગ્નના દિવસ સુધી

ધાન્યતા આપી ગોત્રજની ઉપેક્ષા કરવી અમને બરાબર લાગતી નથી. તેથી અમે તે વિધિ અત્ર બતાવ્યો નથી. અભિધાનચિંતામણિમાં સાત માતા કહેલી છે ને તે પ્રમાણે કેટલેક ઠેકાણે સ્થાપના થતી જેવામાં આવે છે. સોળ માતૃકા (વિદ્યાદેવીઓ ?) પણ કહેવાય છે, અને અમારા કુળમાં ગોત્રજના પાટલા શિવાય ભીંતે ચીતરવામાં આવતા માતૃગૃહ મંદિરામાં સોળ દેવીઓના ચાંદલા કરવાનો રિવાજ છે. આવી સ્થિતિમાં જ્ઞાતિકુળના રિવાજ પ્રમાણે ગોત્રજની તથા માતૃગૃહની સ્થાપના વિગેરે ચાલવા દેવી હાલ તુરતને માટે અમને યોગ્ય લાગે છે. પણ અન્યધર્મીના રિવાજ પ્રમાણે **ગણેશ સ્થાપન તથા** પૂજનનો ચાલ તો હવે બંધ કરવોજ જોઇએ.

દરરોજ સુગંધી તેલ અને પીઠી ચોળી સ્નાન કરાવવું અને દેવપૂજા કરાવવી. પૂજા આંગી શક્તિ પ્રમાણે આ શુભ પ્રસંગે થવીજ જોઇએ.

મંડપ (માંડવા) મુહૂર્ત.

(માંડવામુહૂર્ત એ વેદિકાનું ખાત મુહૂર્ત છે. તેનો વિધિ આચારદિનકરમાં નથી, પણ શ્રી આદિનાથ ચરિત્રમાં વિવાહ-મંડપનું વર્ણન કરેલું છે, તે મંડપની અંદર વેદિકા (ચોરી) હોય છે, તે વેદિકા સ્થાપનનો વિધિ આચારદિનકરમાં છે. લગ્ન તથા મહોત્સવ પ્રસંગે આપણે માંડવા મુહૂર્ત કરીએ છીએ. વરને ત્યાં માંડવામુહૂર્ત હોય નહીં. જ્યાં લગ્ન થવાનું હોય ત્યાં તે વેદિપ્રતિષ્ઠા પ્રમાણે કરવા હરકત જણાતી નથી. લગ્નના દિવસેજ માંડવામુહૂર્ત કરવામાં આવે તો વધારે અનુકુળ થાય તેમ છે.

ચોરી બાંધવા લાયક ચાર, છ, આઠ, કે, દશ હાથ સમચોરસ જગો સવડ પ્રમાણે ઘરની બહાર પસંદ કરવી અને શુદ્ધ કરાવવી. કન્યાના પિતાએ સજોડે પૂર્વ સન્મુખ પાટલા ઉપર બેસવું. તેમની સાથે બીજા ચાર પરણેલા પુરૂષોએ બેસવું. તે દિવસે વૃષભ મિથુન ને કરક સંક્રાંતિ હોય તો અગ્નિ ખુણામાં, સિંહ, કન્યા અને તુલા સંક્રાંતિ હોય તો ઈશાન ખુણામાં, વૃશ્ચિક, ધન અને મકર સંક્રાંતિ હોય તો વાયુ ખુણામાં અને કુંભ, મીન તથા

મેષ સંક્રાંતિ હોય તો નૈઋત ખુણામાં ખાડો ખોદવો અને બાકીના ખુણામાં પછી ખાડા કરવા. પછી ગોરે નીચે લખેલો મંત્ર ભણવો.

વેદીપ્રતિષ્ટા મંત્ર.

ॐ नमः क्षेत्रदेवतायै शिवायै आगच्छ । क्षाँ क्षीँ क्षूँ क्षौँ क्षः इह विवाहमंडपे आगच्छ । इह बलिपरिभागं गृहाण भोगं देहि । सुखं देहि । यशो देहि । संततिं देहि ऋद्धिं देहि । वृद्धिं देहि । सर्वसमीहितं देहि देहि स्वाहा ।

ગોર મંત્ર ભણી રહે એટલે ચાર ખુણામાં અનુક્રમે શમી (સમડી–ખીજડી) આંબો, આશોપાલવ અને દરોની ડાંખળીઓ પાંદડાં સહિત લાલ નાડું બાધી રોપવી અને પાણી વિગેરેથી સિંચવી. પછી પહેલી (ડાંખળી) ને મીંઢળ બાંધી સુગંધી પીઠી લગાડવી અને પાન સોપારી પૈસા પ્રમુખ રિવાજ પ્રમાણે મુકવા.

ત્યાર પછી નીચે લખેલો મંત્ર ગોરે ભણી કન્યાના બાપ વિગેરેના હાથે બારસાખે તોરણ બંધાવવું.

તોરણ પ્રતિષ્ઠા–મંત્ર.

ॐ ह्रीँ श्रीँ नमो द्वारश्रिये । सर्वपूजिते । सर्वमानिते । सर्वप्रधाने । इह तोरणस्था सर्वसमीहितं देहि देहि स्वाहा ।

ઉપરના વિધિથી તોરણુ બાંધ્યા પછી ચંદરવો (ચંદની) બાંધવો. ચંદની ઉપર વાંસી સુપડામાં સફેત કપડું પાથરી સાથીઓ કરી સૌભાગ્યવંતી સ્રીઓએ તૈયાર કરેલી વડીઓ પ્રમુખ મુકવામાં આવે છે અને માંડવા મુહૂર્ત કરનારને સોપારી વગેરે આપે છે.

જેવી રીતે સાજનને બેસવાની જગો શણગારવામાં આવે છે. તેવીજ રીતે જ્યાં લગ્ન થવાનું હોય તે જગો પણ સ્વચ્છ કરાવી શણગારવી જોઇએ, એ બાબતમાં દુર્લક્ષ રાખવું બરો-બર નથી; કેમકે તે જગો (ક્ષેત્ર) ના દેવતાને તથા દ્વારશ્રીને આવ્હાન કરવાનું ઉપર જણાવેલું છે,

ગ્રહશાંતિ.

(લગ્ન થતાં સૂધી દરરોજ શાંતિપુષ્ઠિ માટે સાત સ્મરણુ તથા ગ્રહશાંતિસ્તોત્ર ભણાવવું જાઇએ. દરરોજ ન બને તો લગ્નના દિવસે તો જરૂર ભણાવવું.)

(લગ્નના દિવસે સવારમાં વર કન્યાને સૌભાગ્યવંતી સ્રીઓ વાને ઘાલે છે અને પછી ઉકરડી નોતરે છે. માતૃકાસ્થાપનના દિવ-સે માંહુ માંડી ન હોય તો લગ્નના દિવશે માંડે છે. અને ગોત્રજની તથા માતૃકાની વર કન્યા પાસે પૂજા કરાવે છે. કન્યા તરફનો ગોર લગ્નપડી, ડાંગર, કંકુ, સોપારી, રૂપિઓ પધરાવી નાડું વીંટી વરને ત્યાં બપોરે આપી આવે છે. વર કન્યાના મોશાળવાળા મોશાળું

ચઢાવે છે અને તે વર કન્યાના પિતા તરફથી વધાવી લે છે. ત્યાર પછી વઇણાગી, નમાણું, કલવો અને પલ્લું વગેરે કરવામાં આવે છે.)

લગ્નના વખત પહેલાં વરને તેલ પીઠીના મર્દન પૂર્વક નવરાવી, રૂમાલથી શરીર લુછી, કપાળે કુંકુમનું તિલક કરી, વસ્ત્રાભૂષણ પહેરાવી ગોત્રજને પગે લગાડી, ઘોડા અથવા હાથી ઉપર બેસાડવો. માથે છત્ર ધરાવવું. બે બાજુએ ચામર વીંજાવવાં. વરની બ્હેને લૂણ ઉતારવું આગળ વાજીંત્ર ગીત ને નૃત્ય કરાવવું. રસ્તામાં ચૈત્યપરિપાટી, ગુરૂવંદન કરવું ને આદીશ્વર ભગવાનનું દેહેરૂં હોય ત્યાં તો જરૂર દર્શન કરાવવાં. ગોરે વરની આગળ નીચે લખેલો મંત્ર ભણતા ચાલવું.

વરઘોડાનો શાંતિમંત્ર.

ૐ अर्हँ । आदिमो ऽर्हन् । आदिमो नृपः । आदिमो दाता । आदिमो नियंता । आदिमो गुरुः आदिमः श्रेष्ठः । आदिमः कर्त्ता । आदिमो भर्त्ता । आदिमो जयी । आदिमो नयी । आदिमः शिल्पी । आदिमो विद्वान् । आदिमो जल्पकः आदिमः शास्ता । आदिमो रौद्रः आदिमः सौम्यः । आदिमः काम्यः आदिमः करुण्यः । आदिमो वंद्यः । आदिमः स्तुत्यः । आदिमो ज्ञेयः । आदिमो ध्येयः । आदिमो भोक्ता । आदिमः सोढा । आदिम एकः आदिमो

ऽनेकः। आदिम स्थुलः । आदिमः कर्मवान् । आदिमोऽकर्मा । आदिमो धर्मवित् । आदिमोऽनुष्ठेयः । आदिमोऽनुष्ठाता आदिमः सहजः। आदिमो दशावान । आदिमः सकलत्रः ।आदिमो निःकलत्रः । आदिमो विवोढा । आदिमः ख्यापकः । आदिमो ज्ञापकः । आदिमो विदुरः आदिमः कुशलः । आदिमो वैज्ञानिकः । आदिमः सेव्यः । आदिमो गम्यः । आदिमो विमृश्यः । आदिमो विमर्ष्टा । सुरासुरनरोरगप्रणतः। प्राप्तविमलकेवलो यो गीयते सकल–प्राणि–गणहितः । दयालुः अपरापेक्षः । परात्मा । परं ज्योतिः । परं ब्रह्म । परमैश्वर्यभाक् । परंपरः । परापरो । ऽपरंपरः । जगदुत्तमः । सर्वगः । सर्ववित् । सर्वजित् । सर्वीयः । सर्वप्रशस्यः सर्ववंद्यः । सर्वपूज्यः । सर्वात्मा । असंसारः । अव्ययः । अवार्यवीर्यः । श्रीसंश्रयः । श्रेयःसंश्रयः । विश्वावश्यायहृद् । संशयहृद् । विश्वसारः । निरंजनः । निर्ममः । निष्कलंकः । निःपापः । निःपुण्यः । निर्मनाः निर्वचाः । निर्देहः । निःसंशयः । निराधारः । निरवधिप्रमाणप्रमेयप्रमाता । जीवाजीवाश्रवबंधसंवरनिर्जरामोक्षप्रकाशकः । स एव भगवान् । शांतिं करोतु । तुष्टिं करोतु । पुष्टिं करोतु । ऋद्धिं करोतु । वृद्धिं करोतु । सुखं करोतु । सौख्यं करोतु । श्रियं करोतु । लक्ष्मीं करोतु । अर्हं ॐ ।

વરઘોડો કન્યાને ત્યાં આવી પહોંચે તે અગાઉ કન્યાને તેલ પીઠીના મર્દન પૂર્વક સ્નાન કરાવવું. રૂમાલથી અંગ લુછી વસ્ત્રાભૂષણ (ચૂડો પાનેતર વિગેરે) પહેરાવવાં કપાળે કુંકુમનું તિલક કરી અક્ષત ચ્હોડવા. આંખમાં કાજળ આંજવું. ગાલે કસ્તૂરીનાં ટપકાં કરવાં. પગે અલતા (પોથી)નો રંગ લગાડવો. ગળામાં ફૂલની માળા, હાથે ગજરા અને માથે ફૂલનો અંબોડો પહેરાવવો. પછી ગોત્રજનાં દર્શન તથા પૂજન કરાવી માતૃગૃહ* (માહ્યરા) માં બાજોઠ ઉપર બેસાડવી.

વર દ્વાર આગળ આવે એટલે તેને બાજોઠ ઉપર ઉભો રાખવો (તેના આગળ છેડો ગાંઠણનાં વસ્ત્રનું અંતર્પટ કરવામાં આવે છે અને કન્યાને વરનો મામો કેડે બેસાડી દ્વાર આગળ આવી તેની પાસે અંતર્પટ ઉપર તંબોળ છંટાવે છે. મ્હોડાનું ઉચ્છિષ્ટ તંબોળ છાંટવું એ નિંદ્ય અને અમર્યાદ છે. શાસ્ત્રમાં તો કન્યાને ત્યાં લાવવાનો વિધિજ નથી. તેમ છતાં તંબોળનો વાટી કહાડેલો

---

*માતૃગૃહ, (માહ્યરૂં) ઓરડામાં પૂર્વ દિશા ભણીની ભીંતે ચીતરવાનો વહીવટ હોય છે. ત્યાં હસ્તમેળાપકરાવવાનાસગવડ હોતી નથી તેથીઘણે ઠેકાણે માંડવામાંજ ચંદની નીચે ગોત્રજમાતાના નિમિત્તનો રત્નદીપક (ચોખૂણીઆ ધુઊની કણુકનો લાલ નાડાની ચાર દીવેટનો દીવો) ને માણેકસ્થાકકું (શ્રીફળપર સેવો ચ્હોડી કરેલો) તેની સમક્ષ માહ્યરામાં કરવાની સર્વ ક્રિયા કરાય છે.

રસ હાથવડે છંટાવે તો ભલે.) પછી કન્યાની માએ—અર્ઘ્ય આપવું.

રવૈયા વગેરેને લાલ નાડું બાંધી મસ્તકે અડકાડી પોંખણું કરવું (ઇંડી પિંડી ચારે દિશામાં ફેંકે છે અને વરની પૉશ ખોળામાં લઇ લે છે.)

વરને પેસવાની ડાબી (જમણી ?) બાજુએ એક સાબલા (કોડિયા)માં અંગારા ને લૂણ (કપાસીયા કે ડાંગર?) પધરાવી તેના ઉપર બીજું સાબલું ઢાંકી લાલ નાડું બાંધી તે સરાવસંપુટ મુકવું. અને વરે તે પોતાના પગવડે ભાંગી પ્રવેશ કરવો.

કન્યાની માએ વરના ગળામાં લાલ વસ્ત્ર—વરમાળા નાખી (અંતર્પટનો છેડો હાથમાં આપી?) વરને માહ્યરામાં લઈ આવવો અને પૂર્વ સ્હામા કન્યાની ડાબી બાજુએ (સન્મુખ) માંચ

[માહ્યરામાં ધૂપ જારી રાખવો અને હસ્તમેળાપના મુહુર્તની વાર હોય તો ગોરે નીચે લખેલું મંગળાષ્ટક ભણવું.]

—વરના પગ ધોવા ને કુંકુમ ચંદન ધોળવું. કપાળે તિલક કરવું, અક્ષત ચોંડવા, ફૂલની માળા પહેરાવવી. મસ્તકે દર્ભ તથા ફુલ ચોખાની વૃષ્ટિ કરવી. હોઠ દહીંને માખણ અડકાડી પાણીથી હોઠ ધોઇ નાખવા. કપુર દિવાની આરતી ઉતારવી. હાલ માહ્યરામાં હસ્તમેળાપ પછી કન્યાનાં માબાપ પાસે વરકન્યા બન્નેને અર્ઘ્ય અપાવે છે.

મંગળાષ્ટક.

मंगलं भगवान् वीरो मंगलं गौतमः प्रभुः ।
मंगलं स्थुलभद्राद्या जैनधर्मोऽस्तु मंगलम् ॥ १ ॥
नाभेयाद्या जिनाः सर्वे भरताद्याश्च चक्रिणः ।
कुर्वंतु मंगलं सर्वे विष्णवः प्रतिविष्णवः ॥ २ ॥
नाभिसिद्धार्थभूपाद्या जिनानां पितरः समे ।
पालिताऽखंडसाम्राज्या जनयंतु जयं मम ॥ ३ ॥
मरुदेवी–त्रिशलाद्या विख्याता जिनमातरः ।
त्रिजगज्जनितानंदा मंगलाय भवंतु मे ॥ ४ ॥
श्रीपुंडरीकिंद्रभूति–प्रमुखा गणधारिणः ।
श्रुतकेवलिनोपहि मंगलानि दिशंतु मे ॥ ५ ॥
ब्राह्मीचंदनबालाद्या महासत्यो महत्तराः ।
अखंडशीललीलाद्या यच्छंतु मम मंगलम् ॥ ६ ॥
चक्रेश्वरी–सिद्धायिका–मुख्याः शासनदेवताः ।
सम्यग्दृशां विघ्नहरा रचयंतु जयश्रियम् ॥ ७ ॥
कपर्दिमातंग–मुख्या यक्षा विख्यातविक्रमाः ।
जैनविघ्नहरा नित्यं दिशंतु मंगलानि मे ॥ ८ ॥

હસ્તમેળાપનું મુહુર્ત થવા આવે ત્યારે ગોરે (કન્યાના બાપે?)

વર કન્યાના હાથે મીંઢળ બાંધેલું ન હોય તો બાંધી ચંદન અને શમીનો લેપ કરી વર કન્યાના ગળામાં વરમાળા નાંખી છેડા બાંધી વરના હાથ ઉપર કન્યાનો મુકવો અને તે હસ્તસંપુટમાં કન્યાના બાપે રૂપાનાણું મૂકવું. તે વખતે ગોરે નીચે લખેલો મંત્ર ભણવાનો છે.

હસ્તમેળાપનો મંત્ર.

ॐ अर्हँ । आत्माऽसि । जीवोऽसि । समकालोऽसि । समाचित्तोऽसि । समकर्माऽसि । समाश्रयोऽसि । समदेहोऽसि । समाक्रियोऽसि) समस्नेहोऽसि । समचेष्टितोऽसि । समाभिलाषोऽसि । समेच्छोऽसि । समप्रमोदोऽसि । समविषादोऽसि । समावस्थोऽसि । समानिमित्तोऽसि । समवचाआसि । समक्षुत्तृष्णोऽसि । समगमोऽसि समागमोऽसि । समाविहारोऽसि । समविषयोऽसि । समशब्दोऽसि । समरूपोऽसि । समरसोऽसि । समगंधोऽसि । समस्पर्शोऽसि । समेंद्रियोऽसि । समाश्रवोऽसि । समसंवरोऽसि । समबंधोऽसि । समानिर्जरोऽसि । सममोक्षोऽसि । तदेहोकत्वमिदानीं । अर्हँ ॐ ।

(સંપુટ કરેલા વર કન્યાના હાથ ઉપર વરના માબાપ પાસે દુધ પાણીની ધારા કરાવે છે અને તુરત હાથ * છુટા કરાવે છે.

---

* આચારદિનકરમાં ચાર ફેરા ફર્યાં પછી કરમોચન કરવાનું લખેલું છે અને ચરિત્રાદિથી તેને ટેકો મળે છે.

વર કન્યાના માબાપ તથા વર કન્યાના પાસે સ્વસ્તિવાચન એટલે પાણીના લોટા ઉપર શ્રીફળ મુકી તેની પૂજા કરાવે છે.)

વાંસની ચોરી બંધાવવી, તેમાં માટીનાં ચીતરેલાં અગર ધાતુનાં ગાગરબેડીયાં ગોઠવવાં. મંડપમુહુર્તના અધિકારમાં લખેલો વેદપ્રતિષ્ઠાનો મંત્ર ભણી ચારે ખૂણે અક્ષત ફેંકવા, તોરણ પ્રતિષ્ઠાનો મંત્ર ભણી દક્ષિણ બાજુએ તોરણ બાંધવું, વર કન્યાને તે દ્વારથી ચોરીમાં પ્રવેશ કરાવી ડાબા જમણી બેસાડવાં, ચોરીની વચમાં અગ્નિકુંડ (ઓટલી) કરવો, ગોરે નીચે લખેલો મંત્ર ભણી અગ્નિખુણમાં અગ્નિ સ્થાપન કરવો.

અગ્નિસ્થાપ-મંત્ર.

ॐ ह्राँ ह्रीं ह्रौँ ह्रँः । नमोअग्नये । नमो बृहद्भानवे । नमोऽनंततेजसे । नमोऽनंतवीर्याय । नमो अनंतगुणाय । नमो हिरण्यतेजसे । नमो छागवाहनाय । नमो हव्याशनाय । अत्र कुंभे आगच्छ आगच्छ । अवतर अवतर । तिष्ठ तिष्ठ स्वाहा ।

ગોરે ઉત્તર સન્મુખ બેસી નીચે લખેલો મંત્ર ભણી, ઘી, ગોળ, જવ, તલ, સોપારી પ્રમુખ ફળનો હોમ કરવો.

હોમ મંત્ર.

ॐ अर्हँ । ॐ अग्ने प्रसन्नः सावधानो भव । तवाय मवसरः

। तदाहारय । इंद्रं, यमं, नैर्ऋतं, वरुणं, वायुं, कुबेरं, ईशानं, नागं, ब्रह्माणं, लोकपालान् । ग्रहांश्च सूर्य–शशि–कुज–सौम्य–बृहस्पति–कवि–शनि–राहु–केतून् । सुरांश्च । असुर–नाग–सुपर्ण–विद्युदग्नि–द्वीपोदधि–दिग्–वायु–स्तनितकुमारान् भुवनपतीन् । पिशाच–भूत–यक्ष–राक्षस–किन्नर–किंपुरुष–महोरग–गंधर्वान् । व्यंतरान् । चंद्रार्क–ग्रह–नक्षत्र–तारकान्–ज्योतिष्कान् । सौधर्मेशान–सनत्कुमार–माहेंद्र–ब्रह्म–लांतक-शुक्रसहस्त्राराऽऽणत-प्राणताऽऽरणाऽच्युत–ग्रैवयकानुत्तर–भवान् वैमानिकान् । इंद्र–सामानिक–पार्षद्य–त्रायस्त्रिंशल्लोकपालाऽनीक–प्रकीर्णक–लोकांतिकाऽऽभियोगिक–भेदभिन्नान् चतुर्निकायानपि । सभार्यान् । सायुधबलवाहनान् । स्वस्वोपलक्षित चिह्नान् । अप्सरसश्च परिगृहीताऽपरिगृहीतभेदभिन्नाः । ससखीकाः सदासीकाः साभरणा रुचकवासिनीदिक्कुमारिकाश्च । सर्वाः समुद्रनदी–गिर्याकर–वनदेवताः । तदेतान् सर्वान् सर्वाश्च इदमर्घं पाद्यमाचमनीयं बलिं चरुं हुतं न्यस्तं ग्राहय ग्राहय स्वयं गृहाण गृहाण स्वाहा । अर्हं ॐ ।

ગોરે કન્યાના સ્હામે બેસી નીચે લખેલ મંત્ર ભણી *દાભના અગ્ર ભાગવડે તીર્થજળથી વર કન્યાને અભિષેક કરવો.

---

*દાભ ન હોય તો નાગરવેલનું પાન વપરાય છે.

પહેલા અભિષેકનો મંત્ર.

ॐ अर्हं । इदमासनमध्यासीनौ स्वाध्यासीनौ स्थितौ सुस्थितौ तदस्तु वां सनातनः संगमः । अर्हं ॐ ।

ગોરે હાથમાં દરો ચોખા લેવાને નીચે પ્રમાણે વરકન્યાના બંને પક્ષ (પિતૃપક્ષ તથા માતૃપક્ષ) નાં ગોત્રાદિનો ઉચ્ચાર કરી આશીર્વાદ આપી વરકન્યાને દરો ચોખાથી વધાવવાં.

ॐ नमो ऽर्हत्सिद्धाचार्योपाध्यायसर्वसाधुभ्यः ।

ॐ अर्हं । * गोत्रीयः[×][१] * प्रवरः[२] * ज्ञातीयः[३] * अन्वयः[४] * प्रपौत्रः[५] * पौत्रः[६] * पुत्रः ।

गोत्रीयः * प्रवरः * ज्ञातीयः * अन्वयः * प्रदौहित्रः[७] * दौहित्रः[८] * मात्रीयः[९] * नामको वरः ॥

* गौत्रीया[१०] * प्रवरा[११] * ज्ञातीया[१२] * अन्वया[१३] * प्रपौत्री[१४] * पौत्री[१५] * पुत्री ।

---

* વાળી જગોએ જેનો સંબંધ આવે તેનું નામ મંત્ર ભણતાં બોલવું.

× આપણામાં ઘણાને ગોત્રની ખબર નથી અને પ્રવર જાણતા નથી. ૧ ગોત્રનો ૨ પ્રવરનો ૩ ન્યાતનો ૪ વંશનો કુટુંબનો ૫ દીકરાના દીકરાનો દીકરો ૬ દીકરાનો દીકરો ૭ દીકરાની દીકરીના દીકરો, ૮ દીકરીના દીકરો ૯ માનો ૧૦ ગોત્રની ૧૧ પ્રવરની ૧૨ ન્યાતની ૧૩ વંશની કુટુંબની ૧૪ દીકરાના દીકરાની દીકરી ૧૫ દીકરાની દીકરી.

* गोत्रीया * प्रवरा * ज्ञातीया * अन्वया * प्रदौहित्री[16] * दौहित्री[17] * मात्रीया[18] * नामका वर्या[19] ॥

तदेतयोर्वर्यावरयोर्निविडो विवाहसंबंधो ऽस्तु । शांतिरस्तु । तुष्टिरस्तु । पुष्टिरस्तु । धृतिरस्तु । बुद्धिरस्तु । धनसंतानवृद्धिरस्तु । अर्हँ ऊ ।

પછી વર કન્યા પાસે ગંધ, પુષ્પ, ધુપ ને નૈવેદ્યથી અગ્નિની પૂજા કરાવવી અને તેમાં ડાંગેરની ધાણી (ડાંગેર પાનને સોપારી ?) નંખાવવી.

(આહુતિનો સામાન કન્યાનો ભાઈ વાંસી સુપડામાં લેઈ ઉભો રહે છે અને દરેક ફેરે વર કન્યાને આપે છે ને ગોર તેમની પાસેથી લેઈ અગ્નિમાં ફેંકે છે !)

ત્યાર પછી ગોરે નીચે લખેલો મંત્ર ભણી કન્યાને આગળ કરી વરના હાથ ઉપર કન્યાનો હાથ રખાવી વર કન્યા પાસે અગ્નિની પહેલી પ્રદક્ષિણા કરાવવી,

પહેલા ફેરાનો મંત્ર.

ऊँ अर्हँ । अनादिविश्वं । अनादिरात्मा । अनादि

---

१६ દીકરીની દીકરીની દીકરી १७ દીકરીની દીકરી १८ માની १९ કન્યા.

कालः । अनादिकर्म । अनादिसंबंधः । देहिनां देहानुगतानां क्रोधाहंकारछद्मलोभैः संज्वलन–प्रत्याख्यानाऽप्रत्याख्यानाऽनंतानुबंधिभिः शब्द–रूप-रस-गंध-स्पर्शैरिच्छाऽनिच्छापरिसंकलितैः संबंधो ऽनुबंधः प्रतिबंधः संयोगः सुगमः सुकृतः स्वनुष्ठितः सुप्राप्तः सुलब्धो द्रव्यभावविशेषेण । अर्हँ ॐ

तदस्तु वां सिद्धप्रत्यक्षं केवलिप्रत्यक्षं चतुर्निकायदेवप्रत्यक्षं विवाहविधानाग्निप्रत्यक्षं नागप्रत्यक्षं नरनारीप्रत्यक्षं नृपप्रत्यक्षं जनप्रत्यक्षं गुरुप्रत्यक्षं मातृप्रत्यक्षं पितृप्रत्यक्षं मातृपक्षप्रत्यक्षं पितृपक्षप्रत्यक्षं ज्ञातिस्वजनबंधुप्रत्यक्षं संबंधः सुकृतः सदनुष्ठितः सुप्राप्तः सुसंबद्धः सुसंगतः ।

फरी डांगेरनी धाणी नंखावी नीचेनो मंत्र भणी बीजी प्रदक्षिणा देवरावती.

बीजा फेरानो मंत्र.

ॐ अर्हम् । कर्मास्ति । मोहनीयमस्ति । दीर्घस्थित्यस्ति । निबिडमस्ति । दुःच्छेद्यमस्ति । अष्टाविंशतिप्रकृत्यस्ति । क्रोधोऽस्ति । मानोऽस्ति । मायाऽस्ति लोभोस्ति । संज्वलनोऽस्ति । प्रत्याख्यानावरणोऽस्ति । अप्रत्याख्यानावरणोस्ति । अनंता

नुबंध्यस्ति । चतुश्चतुर्विधोऽस्ति । हास्यमस्ति । रतिरस्ति । अरतिरस्ति । भयमस्ति । जुगुप्साऽस्ति । शोकोस्ति । पुंवेदोऽस्ति स्त्रीवेदोस्ति । नपुंसकवेदोस्ति । मिथ्यात्वमस्ति । मिश्रमस्ति । सम्यक्त्वमस्ति । सप्ततिकोटाकोटिसागरास्थित्यास्ति । अर्हँ ।

तदस्तु वां निकाचित–निबिडबद्ध मोहनीयकर्मोदयकृतः स्नेहःसुकृतोऽस्तु सुनिष्ठितोऽस्तु । सुसंबद्धोऽस्तु आभवमक्षयो

ફરી ડાંગેરની ધાણી નંખાવી નીચેનો મંત્ર ભણી ત્રીજી પ્રદક્ષિણા દેવરાવવી.

ત્રીજા ફેરાનો મંત્ર.

ॐ अर्हँ । कर्मास्ति । वेदनीयमस्ति । सातमस्ति । असातमस्ति । सुवेद्यं सातं दुर्वेद्यमसातं । सुवर्गणाश्रवणं सातं । दुर्वर्गणाश्रवणमसातं । शुभपुद्गलदर्शनं सातं । दुःपुद्गलदर्शन मसातं । शुभषडसास्वादनं सातं । अशुभषडसास्वादन मसातं । शुभगंधाघ्राणं सातं । अशुभगंधाघ्राण मसातं । शुभपुद्गलस्पर्शनं सातं । अशुभपुदगलस्पर्शनं मसातं । सर्वं सुखकृत् सातं । सर्वं दुःखकृदसातं । अर्हँ ॐ ।

तदस्तु वां सातवेदनीयं माभूदसातवेदनीयम् ।

ચોથો ફેરો ફેરવતા પહેલા ગોરે નીચે લખેલો મંત્ર ભણવો.

ચોથા ફેરાનો મંત્ર.

ॐ अर्हं । सहजोऽस्ति । स्वभावोऽस्ति । संबंधोऽस्ति प्रतिबद्धोऽस्ति । मोहनीयमस्ति वेदनीयमस्ति । नामाऽस्ति । गोत्रमस्ति । आयुरस्ति । हेतुरस्ति आश्रवबद्धमस्ति । क्रियाबद्ध-मस्ति । कायबद्धस्ति । तदस्ति संसारिकसंबंधः । अर्हं ॐ ।

હવે કન્યાના પિતાના જમણા હાથમાં તલ, જવ, દાભ ને દરો તથા પાણી આપી ગોરે નીચે લખ્યા પ્રમાણે ભણવું.

अद्य । * नाम्नि संवत्सरे । * आयने । ऋतौ । * मासो * पक्षे । तिथौ । * * वासरे । नक्षत्रे । * योगे करणे । * मुहूर्त्ते । पूर्वकर्मसंबंधानुबद्धां वस्त्रगंधमाल्यालंकृतां स्वर्णरूप्य-मणिभूषणभूषितां कन्यां ददात्ययं । प्रतिगृह्णीथ ।

ગોર એ મંત્ર ભણી રહે એટલે કન્યાના બાપે પોતાના હાથ-માંના તલ વગેરે વરકન્યાના જોડેલા હાથમાં મૂકવાં.

વરે प्रतिगृह्णामि । प्रतिगृहिता એમ કહેવું.

ગોરે કહેવું કે, सुप्रतिगृहीताऽस्तु शांति रस्तु । तुष्टि रस्तु । पुष्टि रस्तु । ऋद्धि रस्तु । वृद्धि रस्तु । धनसंतानवृद्धि रस्तु ।

(આચારદિનકરના વિધિ પ્રમાણે અહીંજ વરકન્યાને કન્યાના બાપે અગર બીજાએ જે આપવાનું હોય તે આપવું જોઇએ એટલે કે મોઝાણું વગેરે થવું જોઇએ; પણ હાલ ક્રમ ફરી ગયો જણાય છે.)

પછી કન્યાનો હાથ નીચે અને વરનો હાથ ઉપર એવી રીતે રખાવી તેમની પાસે ડાંગરની ધાણી અગ્નિમાં હોમાવવી અને વર આગળ ને કન્યા પાછળ એવી રીતે ચોથી પ્રદક્ષિણા દેવરાવી.

(ચોથા ફેરામાં વરની પાસે ક્ષેત્રપાળના પથરાને પગ અડકાડાવી કન્યાના ભાઈ પાસે વરનો અંગૂઠો દબાવરાવે છે.)

પછી વર જમણી બાજુએ ને કન્યા ડાબી બાજુએ એવી રીતે બેસાડી ગોરે પોતાના હાથમાં દાભ, દરો ચોખા તથા *વાસક્ષેપ લેઇ નીચે પ્રમાણે મંત્ર ભણવો.

વાસક્ષેપ મંત્ર.

येनाऽनुष्ठानेनाऽऽद्योऽर्हन् शक्रादिदेवकोटिपरिवृतो भोगाय

*કેસર સુખડ ઘસીને છાયામાં સુકવી કરેલો ભુકો.

संसारिजीवव्यवहारमार्गसंदर्शनाय सुनंदासुमंगले पर्यणैषीत् ज्ञात मज्ञातं वा तदनुष्टान मनुष्ठित मस्तु.

એ મંત્ર ભણી વરકન્યાના માથા ઉપર વાસક્ષેપ કરવો. પછી કન્યાના પિતાએ જવ, તલ, દાભ ને પાણી હાથમાં લેઇ વરના હાથમાં આપી આ પ્રમાણે બોલવું.

सुदायं ददामि । प्रतिगृहाण ।

વરે કહેવું કે, प्रतिगृह्णामि । परिगृह्णामि । प्रतिगृहितम् । परिगृहीतम् ।

ગોરે કહેવું કે, सुप्रतिगृहीतमस्तु । सुपरिगृहीतमस्तु.

પછી ગોરે નીચેનો મંત્ર ભણી વરકન્યાના માથે દાભના અગ્રભાગથી તીર્થજળ છાંટવું.

છેલ્લા અભિષેકનો મંત્ર.

वधूवरौ वां पूर्वकर्मानुबंधेन निविडेन निकाचितबद्धेन अनुपवर्तनीयेन अपातनीयेन अनुपायेन अश्लेषेन अवश्यभोग्येन विवाहप्रतिबधो बभूव । तदस्तु अखंडितोऽक्षयो निरपायो निर्व्याबाधः सुखदोऽस्तु । शांतिरस्तु । तुष्टिरस्तु । पुष्टिरस्तु ऋद्धिरस्तु । वृद्धिरस्तु । धनसंतानवृद्धिरस्तु ।

(અહીં ગોર સપ્તપદીનું ઉલ્લંઘન કરાવે છે એટલે કે ડાંગેરની સાત ઢગલીઓ કરાવી તે ઉપર એક એક પૈસો ને પાન સોપારી મુકાવી પૂજા કરાવે છે અને પછી વરનો હાથ કન્યાના પગને અડકાડી કન્યાના પગવડે તે ઢગલીઓ ભાગી નંખાવે છે. ત્યાર પછી ઉત્તર દિશામાં ધ્રુવના તારા તરફ કુંકુના છાંટા તથા ચોખા નંખાવી દર્શન કરાવે છે.)

પછી માહ્યરામાં (ગોત્રજની પૂજા કરાવી) ગોરે નીચેનો મંત્ર ભણવો.

अनुष्ठितो वां विवाहो । वत्सौ समस्नेहौ समभोगौ समायुषौ समधर्मौ समदुःसुखौ समशत्रुमित्रौ समगुणदोषौ समवाङ्मनकायौ समाचारौ समगुणौ भवताम् ।

અહીં હસ્ત મેલાપ છૂટો કરવાનો શાસ્ત્રમાં વિધિ છે તે સારૂ કન્યાના પિતાના કહેવાથી ગોરે નીચેનો મંત્ર ભણાવો.

કરમોચન મંત્ર.

ॐ अर्हं ।जीवस्त्वम् । कर्मणा बद्धः । ज्ञानावरणेन बद्धः । दर्शनावरणेन बद्धः । वेदनीयन बद्धः । मोहनीयेन बद्ध ः । आयुषा बद्धः । नाम्ना बद्धः गोत्रेण बद्धः । अंतरायेण बद्धः ।

प्रकृत्या बद्धः । स्थित्या बद्धः । रसेन बद्धः । प्रदेशेन बद्धः।

तदस्तु ते मोक्षो गुणस्थानारोहक्रमेण । अर्हं ॐ ।

मुक्तयो कर्यो रस्तु वां स्नेहसंबंधोऽखंडितः

એમ કહીહસ્તમેળાપ છૂટો કરવો. એવખતે જમાઇને શક્તિ પ્રમાણે દાન આપવાનું લખેલું છે.

પછી વરકન્યાને પાછાં ચૉરીમાં લાવી ગોરે નીચેનો શ્લોક ભણાવો.

આશીર્વાદ.

पूर्वयुगादिभगवान् विधिनवै येन ।
विश्वस्य कार्यकृतये किल पर्यणैषीत् ॥
भार्याद्वयं तदमुना विधिनाऽस्तु युग्मम् ॥
एतत् सुकाम परिभोगफलानुबंधि ॥ १ ॥

એ શ્લોક ભણી છેડાગાંઠણ છોડી નીચે પ્રમાણે ગોરે ફરી આશીર્વચન કહેવું.

वत्सौ [illegible]धाविषयौ भवताम् ।

(અહીઆં વરકન્યા પાસે પરસ્પર કંસાર ખવરાવવાનો આચાર કરવામાં આવે છે અને ત્યાર પછી ઉભય પક્ષીની સૌભાગ્ય-

વતીસ્ત્રીઓ પાસે કુંકુમનાં તિલક અને અક્ષત વધાવવા પૂર્વક અખંડ સૌભાગ્યનો આશીર્વાદ દેવરાવે છે તથા મોઝોણું કરવામાં આવે છે.)

સર્વ ક્રિયા થયા બાદ નીચે પ્રમાણે ક્ષમા માગવી.

ક્ષમાયાચન.

आज्ञाहीनं क्रियाहीनं । मंत्रहीनं च यत्कृतं ॥
तत्सर्वं कृपया देव । क्षमस्व परमेश्वर ॥ १ ॥

પછી ચૉરીને કુંકુમના છાંટા તથા અક્ષતથી વધાવી વર કન્યાને (ઉખેતર આપી ગાડી સીંચી? ઉકરડી જમાડી?) વાજતે ગાજતે વિદાય કરવાં. વરને ત્યાં વરની માએ વધાવી લેવાં. ત્યારપછી માતૃકા (માહ્યરા) નું વિસર્જન, મંડપનું વિસર્જન, અને કંકણ દોરા છોડવા વગેરે જ્ઞાતિકુળના આચાર પ્રમાણે ધર્મને બાધ ન આવે તેવી રીતે કરવું.

લગ્ન નિમિત્ત અઠ્ઠાઇ મહોત્સવ અથવા નિદાન એક પૂજા ભણાવવાનું કરવુંજ જોઇએ અને યથાશક્તિ સાધર્મિભક્તિ તથા યાચકને દાન આપવુંજ જોઇએ. સગાંસંબંધીને તો સૌ જમાડે છે.

જૈન વિવાહનાં ગીતો.

૧ વરઘોડાનું ગીત.

અંબા જોયાની આશરે, નિરખું મારી માડી—એ રાગ.

પે'લા તીર્થંકર મહારાજરે, સુખશાંતિ આપો. ૧
છે પ્રથમ જગતના રાજરે, સુખ૦ ૨
છે સર્વ શિરોમણી જેહરે, સુખ૦ ૩
જે ભર્ત્તા પ્રથમ છે તેહરે, સુખ૦ ૪
જે પે'લા સદ્‌ગુરૂ નાજરે, સુખ૦ ૫
જે ન્યાય તણા શિર તાજરે, સુખ૦ ૬
જે ધર્મશાળી જગમાંહ્યરે, સુખ૦ ૭
જે શીલ્પી મહાન મનાયરે, સુખ૦ ૮
જે વિદ્વાન વકતા વદાયરે, સુખ૦ ૯
જે શાસનકાર સહાયરે, સુખ૦ ૧૦
જેપ્રથમ થકીજ પૂજાયરે, સુખ૦ ૧૧
જે પ્રથમ થકી વંદાય રે, સુખ૦ ૧૨
જેનું શરણું સદા સુખદાયરે, સુખ૦ ૧૩
જે પ્રથમથીં સ્તુત્ય કે'વાયરે, સુખ૦ ૧૪
જે પ્રથમથી એક ભણાયરે, સુખ૦ ૧૫

જેના ગુણ અનેક ગણાયરે, સુખ૦ ૧૬
જે પે'લા છે કર્મકારરે, સુખ૦ ૧૭
જે છે કર્મ રહિત નિર્ધારરે, સુખ૦ ૧૮
જે ધર્મ પ્રથમ જાણનારરે, સુખ૦ ૧૯
જે પે'લા સ્વયંભૂ શ્રીકારરે, સુખ૦ ૨૦
પે'લા લગ્ન તણા કરનારરે, સુખ૦ ૨૧
પે'લા કુશળ તણા સરદારરે, સુખ૦ ૨૨
પે'લા જ્ઞાનમાં જે છે અપારરે, સુખ૦ ૨૩
ધ્યાન ધરવામાં આદ્ય થનારરે, સુખ૦ ૨૪
જેને સુર નર પડતા પાયરે, સુખ૦ ૨૫
જેનો કિન્નર મહિમા ગાયરે, સુખ૦ ૨૬
જે પરની અપેક્ષાથી દૂરરે, સુખ૦ ૨૭
જેનું નિર્મળ નિશદિન ઉરરે, સુખ૦ ૨૮
જે જાતે દયાના નિધાનરે, સુખ૦ ૨૯
જે પરમાત્મા છે મહાનરે, સુખ૦ ૩૦
જેનું પરમજ્યોતિ છે નામરે, સુખ૦ ૩૧
જે પરમેશ્વર પૂર્ણકામરે, સુખ૦ ૩૨
જે પરબ્રહ્મરૂપ હમેશરે, સુખ૦ ૩૩
જે સર્વોતમ છે સુરેશરે, સુખ૦ ૩૪
જે સર્વજ્ઞ ને જયવંતરે, સુખ૦ ૩૫
જેને સર્વ વખાણે અનંતરે, સુખ૦ ૩૬

જે સંશયના હરનારરે, સુખ૦ ૩૭
જેને છે ન ફરી સંસારરે, સુખ૦ ૩૮
જે વિશ્વમાં છે સાર રૂપરે, સુખ૦ ૩૯
જે અવિનાશીનું સ્વરૂપરે, સુખ૦ ૪૦
જેને કાંઇએ છે ન કલંકરે, સુખ૦ ૪૧
જે સર્વદા છે નિઃશંકરે, સુખ૦ ૪૨
નથી પુણ્ય પાપ કે દેહરે, સુખ૦ ૪૩
નવતત્ત્વપ્રકાશક જેહ રે, સુખ૦ ૪૪

૨ પોંકણાનું ગીત.

લખે લંકા થકી સીતા સુંદરી--એ રાગ.

આદિનાથને *અર્ઘ્ય દ્યો પ્રીતથી.
જરા ઉડાડો શુભ + નવનીત. ઉમંગથી અંગના. ૧
ફેંકો થાળમાંથી દહિં લેઇને,
લાવો ચંદન રસ રૂડી રીત. ઉમંગથી૦ ૨
તાજા દુર્વાકુર લાવો સુંદરી,
એનો અતિશય છે ઉપયોગ. ઉમંગથી૦ ૩
મોતી રત્ન માણેકનાં તોરણો,
બાંધો, સાથે સુપુષ્પ અશોક. ઉમંગથી૦ ૪
પુષ્પ માળા બાંધો સઉ સ્થાનમાં;

* પૂજાનો સામાન. + ઘી (માખણ !)

જેથી રીઝે સૌ જાનના લોક. ઉમંગથી૦ ૫
અતિ આદરે તોરણ દ્વારમાં;
આવી ઉભા શ્રી આદિરાજ. ઉમંગથી૦ ૬
કાળ ગાળશો વ્યર્થ ન કામિની;
લીલાં સાહિત્ય સર્વ સુકાય. ઉમંગથી૦ ૭
વર ચરણકમળ પણ થાકશે;
લાવો લગ્ન સ્થળે વરરાજ, ઉમંગથી૦ ૮
ગાઓ ધવલ મંગલ દિવ્ય લગ્નનાં;
જય શાન્તિ કરે આદિનાથ. ઉમંગથી૦ ૯

૩ લગ્નની તૈયારીનું ગીત.

માલણ ગુંથી લાવ ગુણિયલ ગજરો—એ રાગ.

દિવસ દીપે આજ મંગલકારી,
કરો લગ્નની, સખિ! તઇયારી. દિવસ૦
રચો રમણીય કુસુમની માળા,
લાવો અર્ઘ્ય ને દહિં ઘી બાળા;
ગાઓ મંગળ ધવલ રસાળાં. દિવસ૦ ૧
કરો સિદ્ધ સુગંધિક પીઠી,
કાઢો રંઘોળી નજરે ન દીઠી;
આપો માન વાણી વદી મીઠી. દિવસ૦ ૨
ધરો ચાક ને ચંદ્રમા માથે,

પે'રો કંકણુ રત્નનાં હાથે;
નવાં અંબર અંગમાં સાથે. દિવસ૦ ૩
જાનીવાશો દો જાનને સારો,
કરવા સ્વાગતનો આ છે વારો;
જય મેળવો જુવતી ન હારો. દિવસ૦ ૪
માતૃભવન ભલું શણગારો,
રાખી ચિત્ત વિવેકજ સારો,
પૂર્ણ પાત્ર ભરો દિવ્ય નારો. દિવસ૦ ૫
દિવ્ય કળશ શોભાવોને કમળે,
વરમાંચી ઉચિત ધારો, વિમળે !
વધૂવર પાદુકા મૂકો પ્રેમે. દિવસ૦ ૬
લીંપો ગોમયે વેદિકા વ્હેલી,
તજો રમત બનો ના છકેલી;
ગોથાં ખાઓ બની નવ ઘેલી. દિવસ૦ ૭
આવ્યો લગ્ન સમય બહુ પાસે,
નિજ કાર્ય કરોરે ઉલ્હાસે;
આદિનાથ• પ્રસન્ન જેથી થાશે. દિવસ૦ ૮

૪ હસ્ત મેલાપનું ગીત.

રાગ—ધોળ.

થાયે*પાણિ ગ્રહણ હવે પ્રીતેરે, સુણો÷ દંપતિ શિક્ષા આ રીતેરે

* હસ્તમેલાપ.•÷ વરકન્યા.

તું છે આત્મા ને જીવ ખચીત રે,+સમ કાલ અને સમ ચિત્તરે,૧
સમ કર્મ, સમાશ્રમ તેમ રે, સમ ઈચ્છા અને સમ ક્ષેમ રે,
ક્રિયા સમ ને બેના સમ દેહ રે, સમ ચેષ્ટા અને સમ સ્નેહરે,૨
દુઃખ, હર્ષ, સ્થિતિ તે સમાનરે, સમ ભુખ તૃષા તણું ભાન રે,
સમ નિયમ નિમિત્ત લ્યો જાણી રે, સમ વિષય વિહાર ને
વાણી રે, ૩
સમ શબ્દ ને રસ, રૂપ, ગંધરે, શમ સ્પર્શ,ઇદ્રિય સંબંધ રે,
દેવ, ગુરૂ ને ધર્મ સમાન રે, સરખું મોક્ષ તણું છે નિ-
દાન[1] રે, ૪
સમ આશ્રવ[2] બંધ[3] વિચારો રે, તુલ્ય સંવર[4] નિર્જરા[5]
ધારો રે,
પામો એકતા બેય એ રીતે રે, પ્રતિદિન ભજો પ્રભુ પ્રીતે રે. ૫

૫ ચોરીનું ગીત.[6]

કંકુ છાંટી કંકોતરી મોકલી—એ રાગ.

પૂરા પ્રેમથી સર્વ પ્રાણુમીએ, ક્ષેત્ર દેવતાને વારંવાર.
પધારો પ્રસંગમાં, ૧

+ સરખો. ૧ કારણ. ૨ કર્મ બંધાવવાના માર્ગ. ૩ જીવની સાથે કર્મનું જોડાવવું તે. ૪ કર્મનું રોકાવવું તે. ૫ કર્મનો નાશ થવો તે.

૬ આ અને તોરણનું ગીત માંડવામુહૂર્ત વખતે પણ ગાઇ શકાય. શાંતિ સ્નાત્ર અથવા અષ્ટોત્તરી સ્નાત્ર ભણાવવા માટે માંડવાર્મુહૂર્ત કરવું હોય ત્યારે પણ "વિવાહનો" એ શબ્દને બદલે "સ્નાત્રનો" ગાવા હરકત નથી.

આ વિવાહનો પરમ ઉત્સાહથી, રચ્યો મંડપશ્રેષ્ઠ અપાર.
પધારો૦ ૨

બલિભોગ સ્વીકારો આ સ્નેહથી, આપોયશ, સુખ, ભોગ કૃપાળ!
પધારો૦ ૩

મયા સંપત્તિ સંતતિની કરો, મનવાંછિત દ્યો તત્કાળ પધારો૦ ૪

૬ તોરણનું ગીત.

નીચો નમીને પાય લાગજે, રાજા રાયમલજી રે–એ રાગ.

દ્વારશ્રી[1]ને નમીએ અમે, આણી આનંદ આજે;
સર્વ વિષે જે પ્રધાન છે, જેને સૌ માન છાજે. ૧
પગરણે પૂજેલાં પ્રેમથી, વળી સૌનાં માનીતાં,
તોરણીએ આવો ટાંકણે, દ્યો અભીષ્ટ જાણીતાં. ૨

૭ અગ્નિનું ગીત.

રાગ–સીતાસ્વયંવરનો.

આવ્યો પ્રસંગ આ ઉત્તમ જાણી,
સખીઓની સંગે ઉમંગે રે, અમે અગ્નિને નમીએ. ૧
જેનામાં તેજ અનંત જણાયે,
ગુણ ગણ્યા ન ગણાયેરે, અમે૦ ૨
બૃહદ્ભાનુમાં છે વીર્ય ઘણેરૂં,
વાહન છે છાગ[2] કેરૂં રે, અમે૦ ૩
જેમનું હવ્ય[3] તે અશન[4] ગણાયે,

૧ તોરણ દેવી. ૨ બકરો. ૩ હોમેલી વસ્તુ. ૪ ખોરાક.

હિરણ્યતેજ ભણાયે રે, અમે૦ ૪
આવો આ કુંડમાં પ્રેમે પ્રધારો,
આનંદ સૌનો વધારોરે. અમે૦ ૫

૮ હોમનું ગીત.

આવ્યો આવ્યો ચૌટડાનો ચોર રે, લાખેણી લાડી લઇ ગયોરે—એ રાગ.

પ્રેમે પાવક[1]! પ્રસન્ન સત્વર થાવો રે, અવસર આ આવ્યો
આપનો રે
વરૂણ, વાયુ, વાસવ[2]ને બોલાવો રે, અવસર૦ ૧
કુબેર, નૈઋત, યમ ને નાગ ઈશાન રે, અવસર૦
બ્રહ્મ એ સૌ લોકપાલ ગુણવાનરે, અવસર૦ ૨
રવિ, શશિ[3] કુજ[4]બુધ,ગુરૂ,શુક્રને મંદ[5]રે, અવસર૦
રાહુ, કેતુ, એનવગ્રહ, જ્યોતીષીનું, વૃંદ[6]રે, અવસર૦ ૩
અસુર, ઉદધિ, વિદ્યુત, વાયુ, નાગ રે, અવસર૦
રતનિતાદિક ભુવનેશ[7] સહિત, મહાભાગરે ! અવસર૦ ૪
કિંપુરૂષ, કિન્નર, રાક્ષસ ને યક્ષ રે, અવસર૦
પિશાચ આદિ વ્યંતર ગણુ સહ, દક્ષ રે ! અવસર૦ ૫
સૌધર્માદિક, લાંતક, ને માહેંદ્ર રે, અવસર૦
સહસાર ને ગ્રૈવેયક સુર[8] સેન્દ્ર[9] રે, અવસર૦ ૬
દિક કુમારિકા સખિ અનુચરી[10]ને સંગ રે, અવસર૦

---

૧ અગ્નિ. ૨ ઇંદ્રિ. ૩ ચંદ્ર. ૪ મંગળ. ૫ શનિ. ૬ મંડળ. ૭ ભુવનપતિ. ૮ દેવ. ૯ ઇંદ્રસહિત. ૧૦ દાસી.

વસ્રાભૂષણ સાથે ધરી ઉમંગ રે, અવસર૦ ૭
સ્નેહ સહિત એ સૌને લેઇને સાથ રે. અવસર૦
વાહન, આયુધ, સ્ત્રી સહ, સ્વાહાનાથ[11] રે, અવસર૦ ૮
અર્ઘ્ય,[12] પાદ્ય[13] નો સ્નેહે કરી સ્વીકાર રે! અવસર૦
આચમનીય[14], બલિ, ચરૂ,[15] હુત[16] હ્યો
ધરી પ્યાર રે, અવસર૦ ૯
ગ્રહણ કરાવો, કરો ગ્રહણ, મહારાજ રે! અવસર૦
ઉત્તમ આવ્યો પ્રસંગ જાણી આજ રે. અવસર૦ ૧૦

૯ પહેલા ફેરાનું ગીત.

રાગ—મેધાડંબરનો.

જીવ ને જગત અનાદિ છે, કાળ કર્મ અનાદિ,
કર્મની સાથે પ્રાણીનો છે સંબંધ અનાદિ. ૧
અનુબંધ, પ્રતિબંધ ને વળી સંયોગ જે છે,
એ રીતે ત્રણ પ્રકારનો સૌ સંબંધ કે' છે. ૨
ચાર પ્રકારના ક્રોધને લોભ, માન ને માયા,
એથી એ સંબંધ થાય છે, તેમાં હેતુ આ લાયા. ૩
પ્રિય અપ્રિય શબ્દ, રૂપ ને, રસ, ગંધને સ્પર્શે,
હેતુ સંબંધના એ સૌ ગાયા ગુણીજને હર્ષે. ૪
સુગમ સુકૃત, સુસ્થિત ને વળી સુપ્રાપ્ત થાય,

૧૧ અગ્નિ. ૧૨ સામાન. ૧૩ પગ ધોવાનું પાણી. ૧૪ આચમન. ૧૫ ડાંગેરની ધાણી. ૧૬ હોમેલું.

દ્રવ્ય ને ભાવ વિશેષથી એ સંબંધ બંધાય. ૫
સિદ્ધ ને કેવળજ્ઞાનીની, ચાર જાતિના સુરની,
ચારીના અગ્નિ, સ્ત્રી પુરૂષની, વળી ભૂપ *ભૂસુરની, ૬
માતપિતા અને સ્વજનની, બંધુ વર્ગ ને સાથી,
એ સઘળા તણી સાક્ષીએ અને ઇષ્ટ કૃપાથી, ૭
સંબંધ બંધાયો સ્નેહથી તે સુસંબંધ થાઓ,
આનંદ આણી અર્હંતના ગુણ દંપતી ગાઓ. ૮

૧૦ બીજા ફેરાનું ગીત.

રાતો ઘોડો રણ પાખરીયો, શેષ ભર્યો શણગાર જોને—એ રાગ.

નિકાચિત[1] છે મોહ[2] કર્મતે, દુરૂચ્છેદ્ય[3] કહેવાય, જોને.
સ્થિતિ ઉત્કૃષ્ટી તેની છે તે; લાંબી બહુ લ્હેવાય, જોને. ૧
અઠ્ઠાવીસ તેની પ્રકૃતિયો, આ તેનાં અભિધાન,[4] જોને.
સંજવલન,[5] પ્રત્યાખ્યાની[6]ને, ત્રીજું અપ્રત્યાખ્યાન[7],જોને. ૨
અનંતાનુબંધી[8] એ ચારે પ્રકારના ક્રોધ, માન, જોને.
લોભ અને માયા, એ સોળે સ્વરૂપ તેનાં જાણ, જોને. ૩
હાસ્ય, રતિ[9]ને ભય ને અરિતિ,[10] વળી જુગુપ્સા,[11]શોક,
જોને.

---

*ઑાર. ૧ ૬૭. ૨ મોહનીય. (અવળે રસ્તે ચડાવનાર). ૩ દુઃખે છેદાય તેવું. ૪ નામ. ૫ પંદર દિવસ સુધી રહે તે. ૬ ચાર મહિના સુધી રહે તે. ૭ એક વર્ષ સુધી રહે તે. ૮ જીવતા સુધી રહે તે ૯ ખુશી. ૧૦ નાખુશી. ૧૧ સૂગ.

પુંવેદ, [12] સ્રીવેદ, [13] નપુંસક, વેદ, [14] વદે સૌ લોક જોને. ૪
અર્ધદગ્ધતા [15] વિપરીત શ્રદ્ધા, [16] શ્રદ્ધાદૂષણુ [17] જેહ જોને;
એ અઠ્ઠાવીસ પ્રકૃતિરૂપી મોહ થયો છે તેહ, જોને. ૫
નિકાચિત એ મોહજન્ય જે થયો તમારો પ્રેમ, જોને,
આ ભવ સુધી અખંડ રહો તે, ઇષ્ટ જપો, હો ક્ષેમ જોને. ૬

૧૧ ત્રીજા ફેરાનું ગીત.

હંસા તારી કોટે બાંધું ચીઠ્ઠીરે, મારા મૈયરની વાત મીઠીરે–એ રાગ.

જેથી જીવને સુખ દુઃખ થાયે રે, વેદનીય તે કર્મ કેવાયે રે, ૧
તેના બે ભેદ સાતા અસાતા રે, સુખ થાયે તેને કહે સાતા રે, ૨
દુઃખ ભોગવે તે છે અસાતાને, એમ ગુણિજન ગ્રંથમાં ગાતા રે.
સારા શબ્દો સાંભળવા કરણે રે, સારાં પુદગલોને જોવાં નયણે રે,૪
સ્વાદ લેવો છ રસનો જિંહ્વાયે રે, સારો સુંઘવો ગંધ સદાયે રે, ૫
સારાં પુદગલોને જઇ સ્પર્શેરે, સાતાવેદની, તે કહે હર્ષે રે. ૬
માઠી વર્ગણાઓને સાંભળવી રે, માઠાં પુદગલો પરદગ્ પડવીરે, ૭
ચાખે અશુભ છ રસને કષ્ટે રે, માઠા ગંધને સુંઘે અ[illegible]ષ્ટે રે; ૮
માઠાં પુદ્દગલો અડકે અધમેં રે, અસાતા વેદનીય કુકર્મે રે. ૯
પ્રભુની પરિપૂર્ણ કૃપાયે રે, સાતા વેદની, થાઓ સહાયે રે, ૧૦
અસાતા વેદની, મા–થાઓરે, જિનના નિશિદિન ગુણ ગાઓરે૧૧

---

[12] સ્રી ભોગવવાની ઇચ્છા. [13] પુરૂષ ભોગવવાની ઇચ્છા. [14] સ્રી પુરૂષ બન્ને ભોગવવાની ઇચ્છા. [15] મિશ્ર મોહનિય. [16] મિથ્યાત્વ મોહનીય. [17] સમકિત મોહનીય.

૧૨ ચોથા ફેરાનું ગીત.

સ્થિર ઠરીને કોઇ આ ઠામ, રે નથી રહેવાનું—એ રાગ.

છે જીવ સહજ+ ને તેમ, નિર્મળસ્વરૂપ નક્કી.
વળી અનાદિથી પ્રતિબદ્ધ કર્મ સંબંધ થકી.
સાંસારિક સંબંધ થવામાં, હેતુ કર્મ ગણાય રે,
તેહ કર્મ જેથી આવે છે, આશ્રવ તે કે'વાય. નિર્મળ૦ ૧
આશ્રવ થાય ક્રિયાથી તેમજ, ક્રિયા દેહથી થાય રે,
માટે દેહ લગી સાંસારિક સંબંધ સૌ બંધાય નિર્મળ૦ ૨
મળજો તમને પ્રભુકૃપાથી શાન્તિ તુષ્ટિ, સુતવૃદ્ધિરે,
પુષ્ટિ અને નવપદ'માં પ્રીતિ, સદા અપાર સમૃદ્ધિ. નિર્મળ૦ ૩

૧૩ * કરમોચનનું ગીત.

આવો શ્રીનંદજીના લાલ, રમવા આવોને રે—એ રાગ.

કરમોચન, હવે થાય, શીક્ષા શ્રવણ કરોનેઃ
જીવ, તું કર્મથી બધ્ધ સદા છે, કર્મ જે આઠ કે'વાય. શિક્ષા૦ ૧
જ્ઞાનાવરણીય[2] દર્શનાવરણીય,[3] ત્રીજું વેદ[4] ગણાય " ૨

+કર્તા વિનાનો. ૧ સિદ્ધચક્રજી (અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય સાધુ, દર્શન, જ્ઞાન, ચારિત્ર ને તપ). *હસ્તમેલાપ છુટો કરાવતી વખતે ગાવાનું, ૨ જ્ઞાનને ઢાંકી રાખનાર. ૩ દર્શનને રોકનાર. ૪ વેદનીય (જુઓ ત્રીજા ફેરાનું ગીત.)

મોહનીય,[૫] નામ,[૬] ગોત્ર[૭]ને, આયુ[૮], આઠમું વળી અંતરાય[૯] ,, ૩
તેની પ્રકૃતિ, સ્થિતિ, રસને પ્રદેશે, બંધાયેલો તું ભણાય.,,૪
ગુણશ્રેણિ[૧૦]માં ચડીને ઉત્તરોત્તર, મોક્ષનું સુખહો સદાય,,૫
હાથ છુટા થયાહવે તમારા, સ્નેહ ન છુટો કદાય, ,,૬
અર્હંત પ્રભુના પ્રસાદથી પામો, જે મન કામના થાય.,,૭

૧૪ વરને ઉપદેશ.

શીખ સાસુજી દે છે રે, વહુજી રહો ઢંગ—એ રાગ.

આદિનાથને કે'છેરે, શચીપતિ[૧] સ્નેહ ધરી:
કે'વા સ્વરૂપ તમારૂં રે, સમર્થ ન કોઈ જરી,
બોધ આપને કરવો રે, દિનેશને દીપ સમો,
છતાં ભક્તિથી હે પ્રભો રે, ઉચરિએ કંઈક અમો. આદિ૦ ૧
આપ સરળ સ્વભાવની રે, કુલીન ને વિનય ભરી,
પ્રેમદાઓને પરણ્યારે, વિધિ યથાયોગ્ય કરી. આદિ૦ ૨
હવે રાખજો તે પર રે, અચળ પ્રેમ અંતરનો,
પડે પાળવો પ્રીતે રે, હોય જો ચર[૨] ઘરનો; આદિ૦ ૩

---

૫ જુઓ બીજા ફેરાનું ગીત. ૬ સારી માઠી ગતિ વિગેરે પમાડનાર. ૭ ઉંચી નીચી જાતિમાં ઉત્પન્ન કરનાર. ૮ દરેક ભવમાં જીવવાની મર્યાદા કરનાર. ૯ દાન, લાભ, વીર્ય, ભોગ ને ઉપભોગમાં વિઘ્ન કરનાર. ૧૦ ગુણનીહાર (જીવને મોક્ષરૂપી મહેલમાં ચડવાની ગુણરૂપી નિસરણીનાં ૧૪ પગથીઆં કલ્પેલાં છે તે). ૧ ઇંદ્ર. ૨ ચાકર.

તો જે માતપિતાને રે, છાડી વરી હેતે વશી,
તેની વાત શી વદવી રે, કૃપાકર પાસે કશી? આદિ૦ ૪
તરૂ શાખાથી શોભે રે, શાખા શોભે વૃક્ષ થકી,
તેમ પુરૂષથી પ્રેમદા રે, પ્રેમદાથી પુરૂષ નકી, આદિ૦ ૫
પ્રભો! આ બેઉ બાળા રે, રત્નોવાળાં ભૂષણુથી,
નથી માનતી નકકી રે, ખરૂં સુખ અંતરથી, આદિ૦ ૬
પણુ રમણુ હૃદયનો રે, ખરેખરો પ્રેમ ચહે,
એથી અનુદિન ઉરમાં રે, અપાર પ્રસન્ન રહે, આદિ૦ ૭
હે કૃપાળુ! આ કન્યાઓ રે, ગુણી ઘણી દીસે ખરે
તોય મુગ્ધપણાથી રે કદી અપરાધ કરે, આદિ૦ ૮
માફી દેજો ન તજશો રે, ન્યાયી જનો દોષિતને,
નિરદોષી ગણે છે રે, દેખે શુદ્ધ જો ચિત્તને. આદિ૦ ૯
પ્રેમ અવિચલ રહેજો રે, હમેશાં પરસ્પરનો,
જેને જોઇને થાયે રે, અવર એવાં વધૂવરનો આદિ૦ ૧૦

૧૫ કન્યાને શિખામણ.

કુંવારી રે, શે કર્યાં લગી?—એ રાગ.

શાણી રાણી સુનંદા ને સુમંગલા, કરે ઇંદ્રાણી તેને ઉપદેશ
સુણો તે સૌ. સ્નેહથી.
બેન ભાગ્ય તમારૂં અવર્ણ્ય છે, જેનું દાસત્વ દુર્લભ અપાર, સુણો૦
દેવા આદિ પ્રભુને પરણ્યાં તમે, અને ઉરમાંહે 'કરિયું' આગાર,
સુણો૦ ૧

બોધ તમને શું દેવો બેન માહરે, તોએ ધૃષ્ઠ* થઇ કહું છું
લગાર સુણો૦
સત્ય વદવું મંડન તે છે મુખનું, સ્વામીસેવા તે હૈયાનો છે
હાર, સુણો૦ ૨
કાને વાણી જે સુણવી ગુરૂતણી, તે છે કરણનો રૂડો અલંકાર
સુણો૦
ગણજો ભૂષણ ભુજનું તે ભામિની, દાન દીનને દેવું વારંવાર
સુણો૦ ૩
કષ્ટમૂલ ચંચળતાને કાઢજો, કરવા વરવશ ભજશો ના જંત્રસુણો
વેળા વરતીને ભક્તિ કરવી ભાવથી, વશીકરણનો એ છે મૂલ
મંત્ર. સુણો૦ ૪
સૂવું સ્વામીના શયન પછી સદા, વ્હેલું ઉઠવું સ્વામી પહેલું
નિત્ય. સુણો૦
જમ્યા જીવન[1] જોઈ જમવું જઈ, કરવી સૂર્ય સરોજિકાશીર
પ્રીત્ય. સુણો૦ ૫
નેત્ર મીચવાં અન્ય પુરૂષને, જેમ ચંદ્રથી કમળ મિચાય, સુણો૦
પ્રાણ પળતાં ના પતિવ્રત લોપવું, ઇષ્ટસિદ્ધિ એનાથી
ઝટ થાય. સુણો૦ ૬
શીળ વિના સુવર્ણમય ભૂષણો, ગણો દેહ ઉપર જેવો ભાર; સુણો
તેનું કારણ કહું તે ધરો મને, રત્ન કનક તે પૃથ્વીનો વિકાર. સુણો

---

* સાહસિક. ૧ પતિ. ૨ કમલિનીના જેવી:

શીળરૂપી ભૂષણ મળે સે'જમાં,તે ના ભાગે, ના ચોરથી ચોરાય,
સુણો૦

શુદ્ધ શીળવાળીને જાણો સર્વદા, ગંગાસ્નાને ના કુશીલા
કે'વાય. સુણો૦ ૮

પાપ અપયશ, થાયે શીલ ભંગથી તેથી શીળ ના તજવું
કદાય, સુણો૦

સ્વામીસેવામાં સ્વાધીન રે' નારી તે રૂડી કાંતા ને કુલીન
ગણાય. સુણો૦ ૯

પીડે સ્વામીને ક્રોધે કરી પાપિણી, જળોજેવી તે જુવતી
જણાય સુણો૦

મારે, રોષ કરે, કે તજે જો પતિ, તોએ સ્વામી શાણીએ
ના તજાય; સુણો૦ ૧૦

મેઘધારા પડે છે તોએ માલતી, જેમ મેઘ ઉપર રે' પ્રસન્ન
સુણો૦

તેમ કુલીન સ્ત્રીઓએ નિજ કાંતમાં, જોડી દેવું એવું પોતાનું
મન. સુણો૦ ૧૧

સ્ત્રીને ભૂષણ જેવા ગુણજેટલા, કરો તેટલા તમોમાં નિવાસ
સુણો૦

શીખે ગુણગણ સ્ત્રીઓ સૌ આપથી, એવાં આપ હો ઇચ્છીએ
એ ખાસ સુણો૦ ૧૨

સંપૂર્ણ.

શ્રી મુંબઈ રાધનપુર જૈન યુવકોદય મંડ(

આ મંડળને લગભગ છ માસ થયા તે દરમ્યાન મંડળે એક ફ્રી લાયબ્રેરી તેમજ મંડળની શાખા અને યબ્રેરી તથા જૈન પાઠશાળા રાધનપુરમાં ખોલી છે તે ઉપ: વકતૃત્વ શકિત વધારવા દર અઠવાડીએ જુદા જુદા વિષયો ઉપર ભાષણો અપાય છે ઈત્યાદિ આ મંડળના ઉદ્દેશો રાખવામાં આવ્યા છે. માસિકલવાજમ પહેલો વર્ગ રૂ. ૧-૦-૦ બીજોવર્ગ ૦-૮-૦

પત્રવહેવાર નીચેના શિરનામે કરવો.

શ્રી મુંબઇ રાધનપુર જૈન યુવકોદય મંડળન

ઓ. સેક્રેટ[illegible].

ઠે. ભીંડીબજાર. શાંતિનાથના મા[illegible]

મુંબઇ.